# લાયન અશોક મહેતા

પરિવર્તન અને પ્રગતિના યુગમાં આત્માની મલિનતા દૂર કરી નીતિ ન્યાના માર્ગે માનવીની માનવતા જગાડે એવો સ્વભાવ, એમનું જીવન બીજાને પ્રેરણારૂપ બને એવો માનવદેહ ઊજાળનાર, મારું કરતા અમારું દેશનું સમાજનું ઉત્કર્ષ વિચારનાર, યુવાનોના પથદર્શક બનનાર જીવનનો સાચો અર્થ સમજનાર સાહિત્ય અને સમાજમાં સજાગ વ્યક્તિત્વ.

પ્રખ્યાત રાજીવગાંધી એવોર્ડ સહિત અનેક પારિતોષિકથી નવાજેશ પામેલા ૧૯૭૯માં ડિસ્ટ્રીક્ટ ગવર્નર બનેલા, ૧૯૮૬માં મુંબઈના જેસીઝ દ્વારા મેન ઓફ ધ યરનો ખિતાબ પામેલા, મુંબઈના ભૂતપૂર્વ શેરીફ, એચ.આઈ.વી અંગે જનજાગૃતિનું અભિયાન ચલાવનાર સમાજના ઉત્કર્ષ માટે અનેક કાર્યક્રમો યોજનાર, ન્યાત-જાત-ભાષા-ધર્મ વગેરેના ભેદભાવ ભૂલી સમાજસેવા કરનાર, લોકોનો ઉત્કર્ષ કરનાર લાયન અશોક મહેતા.

એમની પ્રિય સાહિત્યકૃતિઓમાં રમણલાલ વસંતલાલ દેસાઈની 'દિવ્યચક્ષુ' પહાડના પુષ્પો પૂર્ણિમા અને કોકિલા ઉપરાંત ગોવર્ધનરામ ત્રિપાઠીની સરસ્વતીચંદ્રનો સમાવેશ થાય છે. ખબરદારના ઊપનાજાથી પ્રખ્યાત અરદેશર ઉપરાંત કલાપી, કલાપી રચિત ઈશ્વર સર્વ વ્યાપક હોવાથી પ્રતીતિ કરાવતી. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની... અને' રે પંખીની ઉપર પથરો ફેકતા ફેકી દીધો. કવિતાની 'હા, પસ્તાવો વિપુલ ઝરણુ સ્વર્ગમાંથી ઉતર્યું છે. પાપી જેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.' આ કાવ્યો એમને ગદગદિત કરી જાય છે. તો મેઘાણીની કોઈનો લાડકવાયો કવિતાની રકત ટપકતી સો સો જોડી સમરાગણથી આવે... એમને દેશદાઝને જગાડે છે સરળ ભાષામાં સ્પષ્ટ વાત કહેતા હોવાને કારણે ચંદુલાલ સેલારકાને વાંચવાની એમને મજા આવે છે.

સમાજસેવા અને પ્રવાસ સિવાય અન્ય કોઈ બાબતનો શોખ ન હોવાને કારણે પરિવારજનો લાડમાં 'ઔરંગઝેબ' કહી સંબોધે છે. પ્રવાસ કરવા એમને લીલાછમ ખેતરો અને રમણીયતાનો સુંદર સમન્વય કરાવતો દેશ ન્યુઝીલેન્ડ એમને ગમે છે. એમની વ્યાખ્યા મુજબ કર્ણપ્રિય હોય તેજ મનપસંદ સંગીત અને નૌશાદ એમના પ્રિય સંગીતકાર છે. સમાજસેવાના કાર્યને લીધે એમને ફિલ્મો જોવાનો મોકો મળતો જ નથી એમાણે છેલ્લી ફિલ્મ ૧૯૮૩માં એમની સંસ્થા દ્વારા પ્રયોજવામાં આવેલ શૉ 'રિચર્ડ એટન બરોની-ગાંધી' જોઈ હતી. એટલે છેલ્લી ફિલ્મ જોયાને રજતજયંતિથી વધારે વર્ષ થઈ ગયા છે.

અસ્થમાને કારણે પરફ્યુમ ન વાપરનાર પોતાના કાર્ય દ્વારા પોતાની મહેક સમાજમાં ચારે બાજુ પ્રસરાવી રહ્યા છે એમની પત્ની કોકિલા બહેનના હાથનો બાજરાનો રોટલો, રીંગણાનો ઓળો, છાશ અને લસણ પ્રિય છે એમની મનગમતી સાંજ એટલે નીરવ શાંતિ વચ્ચે સૂર્યાસ્ત જોવો અથવા ઘરમાં એકમાત્ર એમની હાજરી હોય અને પોતાની પ્રવૃત્તિના વિચારોમાં પરોવાયેલું રહેવું ગમે છે. વીકએન્ડમાં પણ તેઓ ઘરમાં જ મનોરંજન મેળવવાનું પસંદ કરે છે. ઘરમાં જ મિત્રોને બોલાવી ચા-નાસ્તા અથવા ભોજનનો આસ્વાદ હસીમજાક કરી માણે છે.

એમના મતે પ્રેમ બે વ્યક્તિને પરસ્પરની નજીક લાવે છે અને જીવનસંગિની એમને એવી ગમે જે સારો મનમેળ ધરાવતી હોય અને ઢાળો તેમ ઢળી જાય. એમને જીવનથી કોઈ ખેદ નથી એમના જીવનથી એ સંતુષ્ટને સંતોષી છે. દિવસના અઢાર કલાક જે સમાજસેવા કરે છે એ એમના આ વ્યસનને વધુ સમય આપવા માંગે છે. માણસોમાં દંભ અને અસત્ય એમને પસંદ નથી પ્રમાણિકતાને સત્ય એમને પ્રિય છે આથી જ ગાંધીજી એમના આદર્શ છે.

તત્વજ્ઞાનની દૃષ્ટિએ જીવન જીવનાનું શીખી લીધું હોવાને કારણે કોઈપણ પ્રકારના પરિણામ સંજોગો કે પ્રતિભાવ વગેરેથી એ વિચલિત થતા નથી ગીતામાં જેમ કહ્યું છે 'કર્મણ્યેવાધિકા રસ્તે મા ફલેષુ કદાચન' એજ ધ્યાનમાં રાખીને પરિણામની પરવા કર્યા વગર કર્મ કરતા રહે છે. તેઓના મતે તમામ સમૃધ્ધિ ખર્ચાઈ જવાથી કાંઈ આપણે ગુમાવતા નથી, સ્વાસ્થય સારું ન હોય તો થોડું ગુમાવો છો પરંતુ ચરિત્ર ગુમાવો તો બધુ જ પાયમાલ થઈ જાય છે. માટે ચરિત્રથી મુલ્યવાન કાંઈ નથી. જો પુર્નજન્મ હોય તો તેઓ મનુષ્યદેહ ધારણ કરી સમાજસેવા જ કરવા ઈચ્છે છે.